# FEE REGULATORY COMMITTEE (TECHNICAL)

(Constituted under Section 9(1) of the Gujarat Professional Technical Educational Colleges or Institutions
(Regulation of Admission and Fixation of Fees) Act, 2007)

Near 5 Bungalows, Opp: National Park Society, Behind Polytechnic, Gulbai Tekra, Ahmedabad–380015

Phone:079-26302937 Fax:079-26304118
Website: www.frctech.ac.in email: frctechguj@gmail.com


તા. ૦૬-૧૧-૨૦૧૪

## પ્રેસ નોટ

રાજ્યમાં સ્વનિર્ભર ધોરણે વિવિધ ટેકનીકલ વ્યાવસાયિક અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓમાં પ્રવેશ વર્ષ ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭નાં ત્રિવાર્ષિક ગાળા માટે ફી નિર્ધારણ કરવાની કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલ હતી. સદર કાર્યવાહી માટે સંસ્થાઓ પાસેથી સમિતિ દ્વારા ઓનલાઈન દરખાસ્તો મંગાવવામાં આવેલ હતી.

સદર ફી નિર્ધારણની કાર્યવાહી અર્થે વિગતોની રજૂઆતો માટે જરૂરી ઓથોરાઈઝેશન અને એક્સેસ રાઈટ્સ સાથે વેબપોર્ટલ www.gters.org નું આયોજન કરવામાં આવેલ હતું.

Know Your College (KYC) અંતર્ગત નાણાંકીય માહિતી ઉપરાંત સંસ્થાને લગતી અન્ય બાબતો જેવી કે, કેમ્પસ, માળાખાકીય સવલતો, ફેકલ્ટી, સપોર્ટ સ્ટાફ, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, પ્રવેશ પ્રાથમિક્તા, પ્લેસમેન્ટ, વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ, ગર્વનન્સ વગેરેની માહિતી એક્ત્રીત કરવામાં આવી હતી. સંસ્થાઓ દ્વારા રજૂ કરાયેલ માહિતી અંતર્ગત પ્રવેશ વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૭નાં ત્રિવાર્ષિક સમયગાળાની ફી નિર્ધારણ માટેની કાર્યવાહી માટે પ્રત્યેક સંસ્થાઓની સરકારી સંસ્થાઓનાં એક્સપર્ટ સભ્યો દ્વારા રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ હતી. સભ્યો દ્વારા વિગતોની ઓનલાઈન નોંધણી કરવામાં આવેલ હતી અને અંતે ઓટોમોડમાં આંકડાકીય સ્કોરમાં તબદીલ  કરવામાં આવેલ હતી. પ્રત્યેક સંસ્થાઓ દ્વારા રજૂ કરવામાં આવેલ નાણાંકીય માહિતી અને રેન્કીંગની ત્યારબાદ ચકાસણી કરવામાં આવેલ હતી. વધુમાં, સને ૨૦૧૩-૧૪ ના ઓડિટેડ ખર્ચ અને ૨૦૧૪-૧૫નાં અંદાજીત ખર્ચમાં થયેલ ફેરફારની વિગતોની ચકાસણી કરવામાં આવેલ હતી.

આ કાર્યવાહી દરમ્યાન માલૂમ પડેલ કે, મોટાભાગની સંસ્થાઓ દ્વારા મધ્યમ પ્રકારે ફીનો વધારો કરવા માંગણી કરવામાં આવેલ હતી. અમુક સંસ્થાઓ દ્વારા ૫૦% કરતા વધુ અને ૧૪ સંસ્થાઓ દ્વારા ફીમાં ૧૦૦% કરતા પણ વધારાની માંગણી કરવામાં આવેલ હતી. ઘણાં કિસ્સાઓમાં વર્ષ ૨૦૧૪-૧૫નાં અંદાજીત ખર્ચને ધ્યાને લેતાં, ફીનાં વધારાની માંગણી વાજબી માલૂમ પડેલ ન હતી. જ્યારે મોટા ભાગનાં કિસ્સાઓમાં ફુગાવાનાં મહત્તમ દરને ધ્યાને લેવામાં આવેલ હતો અને અમુક કિસ્સાઓમાં વર્ષ ૨૦૧૩-૧૪નો ખર્ચ, ત્રણ વર્ષ પૂર્વે કરવામાં નિર્ધારિત કરવામાં આવેલ ફી કરતાં ઓછો માલૂમ પડેલ હતો.

સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવેલ માહિતીનું ચોક્કસ પ્રક્રિયાને આધીન પૃથ્થકરણ હાથ ધરી, અંદાજીત ફીની વિગતો જણાવવામાં આવેલ હતી. તદ્ઉપરાંત આવી સંસ્થાઓને ફી બાબતે કોઈ રજૂઆતો હોય, તો તે પણ જણાવવામાં આવેલ હતું.

સદર કાર્યવાહીમાં ૫૧૧ માંથી ફક્ત ૧૨૫ સંસ્થાઓ દ્વારા ફી અંગે રજૂઆતો કરવામાં આવેલ હતી. સદર રજૂઆતોનો સારાંશ નીચે મુજબ હતોઃ

- ઉપરોક્ત પૈકી મોટા ભાગની રજૂઆતો ફરીથી ડેટા રજૂ કરવા માટે, સ્ટાફની ભૂલને કારણે ખોટો ડેટા થયેલ હોવા અંગેની, ઓડિટેડ એકાઉન્ટો સમયસર ન મળ્યા હોવા અંગે, વગેરે હતી.
- જે સંસ્થાઓમાં ફીની રકમમાં ઘટાડો કરવામાં આવેલ હતો, તેવી સંસ્થાઓ દ્વારા હાલની ફીનું ધોરણ ચાલુ રાખવા અંગે રજૂઆતો કરવામાં આવેલ હતી.
- તા. ૧ સપ્ટેમ્બર ૨૦૧૪ થી પ્રોવિડન્ટ ફંડ એક્ટમાં થયેલ સુધારાઓ અંતર્ગત વધેલા આર્થીક બોજાને ધ્યાનમાં લેવાની રજૂઆતો કરવામાં આવેલ હતી.
- નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા તેમજ કાયદા દ્વારા સૂચિત વિકાસની રૂપરેખાને ધ્યાને લઈ, વાજબી ભથ્થાંની માંગણી કરવામાં આવેલ હતી.
- ફી નિર્ધારણની પ્રક્રિયામાં થયેલ વિલંબ, અમુક સંસ્થાઓમાં ફીમાં થયેલ ઘટાડા, સંસ્થાની ચાલુ બેચમાં ફીનાં ફેરફારની જોગવાઈ લાગુ કરવા માટેની અશકતતા વગેરે બાબતોની રજૂઆતો કરવામાં આવેલ હતી.

જો કે, મોટા ભાગની સંસ્થાઓએ ઓનલાઈન કાર્યવાહી દ્વારા ફી નિર્ધારણની પ્રક્રિયા માટે જરૂરી માહિતી એકત્રિત કરવાની કાર્યવાહી, પારદર્શક્તા અને ફી નિર્ધારણ માટે રજૂઆતો કરવાનો મોકો આપવા બદલ ફી નિર્ધારણ સમિતિનો આભાર પ્રદર્શિત કરેલ હતો.

સંસ્થા દ્વારા રજૂ કરાયેલ માહિતી તેમજ એક્સપર્ટ સભ્યનાં મંતવ્યોને ધ્યાને લઈ, સંસ્થાઓ માટે નીચે મુજબ સ્કોરીંગ પરિમાણો નિર્ધારિત કરવામાં આવેલ હતાં.

| Factor | Weight |
|---|---|
| Building Infrastructure | 125 |
| Academic Excellence | 100 |
| Accreditation | 20 |
| Placement | 20 |
| Staff Ratio | 50 |
| Staff Qualifications | 50 |
| Faculty Development | 50 |
| Staff Total | 150 |
| Financial Support | 15 |
| Students Success | 50 |
| Other Services | 20 |
| **Total** | **500** |

ઉપરોક્ત પરિમાણો મુજબ સંસ્થા દ્વારા રજૂ કરાયેલ માહિતીને આધારે નીચે મુજબ સંસ્થાઓની સંખ્યા અને ટકાવારી મુજબ પરિણામ આવેલ હતું.

| Branch | Below 30% | 31% to 50% | 51 % to 70% | Above 71% | Total |
|---|---|---|---|---|---|
| Architecture | 0<br>0% | 7<br>54% | 4<br>31% | 2<br>15% | 13<br>100% |
| B. E. | 5<br>5% | 26<br>2 6% | 57<br>56% | 131<br>3% | 101<br>100% |
| BHTM | 0<br>0% | 2<br>100% | 0<br>0% | 0<br>0% | 21<br>00% |
| B. Pharm. | 4<br>6% | 15<br>24% | 27<br>44% | 16<br>26% | 62<br>100% |
| Diploma | 10<br>11% | 35<br>40% | 39<br>45% | 3<br>3% | 87<br>100% |
| M .B .A. | 8<br>10% | 15<br>18% | 42<br>50% | 19<br>23% | 84<br>100% |
| M .C .A. | 6<br>11% | 13<br>24% | 27<br>50% | 3<br>15% | 54<br>100% |
| M.E./<br>M.Tech | 1<br>2% | 7<br>13% | 23<br>52% | 13<br>33% | 54<br>100% |
| M. Pharm. | 5<br>9% | 3<br>6% | 26<br>48% | 20<br>37% | 54<br>100% |
| Total | 39<br>8% | 123<br>24% | 250<br>49% | 99<br>19% | 511<br>100% |

આમ, સંસ્થાઓની રજૂઆતો અને ચર્ચા-વિચારણાને અંતે તેમજ KYC Score અને સંસ્થાઓ દ્વારા માળખાકીય સવલતો માટે થયેલ રોકાણોને ધ્યાને લેતાં સમિતિ દ્વારા પ્રત્યેક સંસ્થાની વર્ષ ૨૦૧૪-૧૫ની ફીનું નિર્ધારણ કરવામાં આવેલ હતું. વર્ષ ૨૦૧૫-૧૬ અને વર્ષ ૨૦૧૬-૧૭ની ફીનું નિર્ધારણ અનુક્રમે ૬% અને ૭%નાં ફુગાવાને અંદાજીને કરવામાં આવેલ છે. કમિટીએ સંસ્થાઓ માટે જે તે વર્ષની નિયત કરેલ ફી, તે વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને જ લાગુ પડશે અને વિદ્યાર્થી જ્યાં સુધી તેનો અભ્યાસ પૂર્ણ ન કરે ત્યાં સુધી નિર્ધારિત રહેશે.

કુલ ૪૫૬ સંસ્થાઓની ફી નિર્ધારીત કરવામાં આવેલ હતી. ટકાવારી મુજબ જોતાં, સંસ્થાઓમાં ફીનો નીચે મુજબ ફેરફાર થયેલ છેઃ

| Sr No | COURSE | <0 | 0 | 0-10 | 10-15 | 15-20 | 20-25 | 25-30 | 30-35 | 35-40 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Architecture | | | 2 | 1 | | 2 | 6 | | | 11 |
| 2 | BE | | 6 | 25 | 13 | 14 | 16 | 6 | 3 | 2 | 85 |
| 3 | HTM | | | | 1 | | | 1 | | | 2 |
| 4 | BPhar | 3 | 18 | 15 | 6 | 6 | 4 | 2 | 3 | 2 | 59 |
| 5 | DIPLOMA | | 8 | 18 | 14 | 11 | 14 | 17 | | | 82 |
| 6 | MBA | 2 | 14 | 21 | 15 | 8 | 5 | 8 | 3 | 3 | 79 |
| 7 | MCA | | 4 | 19 | 13 | 5 | 2 | 2 | 4 | | 49 |
| 8 | ME | | 5 | 12 | 7 | 7 | 9 | 3 | | 3 | 46 |
| 9 | MPharm | 2 | 13 | 11 | 2 | 5 | 6 | 2 | 2 | | 43 |
| | **TOTAL** | **7** | **68** | **123** | **72** | **56** | **58** | **47** | **15** | **10** | **456** |
| | | 1.54% | 14.91% | 26.97% | 15.79% | 12.28% | 12.72% | 10.31% | 3.29% | 2.19% | 100.00% |

ઉપરોક્ત વિગતો જોતાં નીચે મુજબનાં તથ્યો માલૂમ પડે છેઃ

- ૬૮ સંસ્થાઓમાં ફી વધારો કરવામાં આવ્યો નથી જે પૈકી ૪૫ સંસ્થાઓ દ્વારા ફી વધારાની માંગણી કરવામાં આવેલ નથી.
- ૭ સંસ્થાઓએ ફીમાં ઘટાડાની માંગણી કરેલ છે.
- ઉપરોક્ત વિગતોને ધ્યાને લેતાં જણાય છે કે, મોટાભાગની સંસ્થાઓએ ફીમાં ૧૦% થી ૨૦%નાં વધારાની વાજબી માંગણી કરેલ છે.
- જો કે, ૧૪ સંસ્થાઓએ ફીમાં ૧૦૦% વધારાની માંગણી પણ કરેલ છે.
- ખાલી રહેલી બેઠકો અને વિદ્યાર્થીઓની સંખ્યામાં થયેલ ઘટાડાને કારણે વિદ્યાર્થી-ફેકલ્ટીનો ગુણોત્તર સારો જણાય છે.
- KYC Score અને નાણાંકીય વિગતો વચ્ચે ગાઢ સંબંધ જણાય છે.
- સંસ્થા મુજબ નિયત કરેલ ફી ની સંપૂર્ણ વિગતો કમિટિની વેબસાઇટ www.frctech.ac.in ઉપર ઉપલબ્ધ છે.